પેન્શન કેસોના ઝડપી નિકાલ બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
પરિપત્ર ક્રમાંક- પશન-૧૦૨૦૧૦-ઓ-૧૬૬-પી
સચિવાલય, ગાંધીનગર.
તા.૫-૧૨-૨૦૧૧

**વંચાણે લીધા:-**

(૧) ના.વિ.નો પરિપત્ર ક્રમાંક- પપક-૧૦૯૮-૯૦૨(૨)-પી, તા. ૧૨-૧-૧૯૯૯
(૨) ના.વિ.નો પરિપત્ર ક્રમાંક- પરચ-૧૦૨૦૦૮-૧૪૯૧-પી, તા. ૧૫-૪-૨૦૦૯
(૩) ના.વિ.નો પરિપત્ર ક્રમાંક- પશન-૧૦૨૦૦૯-સીસી-૩૨-પી, તા. ૧૦-૮-૨૦૦૯
(૪) ના.વિ.નો પરિપત્ર ક્રમાંક- પશન-૧૦૨૦૧૦--૧૬૬-પી, તા. ૨૭-૪-૨૦૧૦

**પરિપત્ર:-**

૧. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમ-૧૨૮માં સરકારી કર્મચારીઓના પેન્શનના કાગળો તૈયાર કરવા અને આખરી રૂપ આપવાની પ્રક્રિયા અંગેનું સમય-પત્રક અંગેનું સમય-પત્રક નિયત કરી તે મુજબ પેન્શન કેસો રજૂ કરવાના/નિર્ણિત કરવાના રહે છે.

૨. સંદર્ભ ક્રમ-૧ થી ૪ માં દર્શાવેલ પરિપત્રોથી રાજ્ય સરકાર દ્વારા કર્મચારીઓ તેમજ અધિકારીઓને પેન્શન કેસો તૈયાર કરવાની પ્રક્રિયા સમયસર થાય અને તેમાં ગતીશીલતા આવે તે માટે સૂચના આપવામાં આવેલ છે. અનુભવે જુદા જુદા વિભાગોના પેન્શનરો દ્વારા અત્રે કરવામાં આવેલ રજુઆતોને ધ્યાને લઇ સમયસર રીતે પેન્શનના કેસોનો નિકાલ કરવા માટે વિભાગોને ફરીથી સુચના આપવી જરૂરી જણાય છે.

૩. તાજેતરમાં નામદાર હાઇકોર્ટે સ્પે.સી.એ ૩૮૮૪/૨૦૧૧ મંજુબેન ઉકાભાઇ ચૌહાણ વિરુધ્ધ ભાવનગર મ્યુનિશિપલ કોર્પોરેશનના તા. ૧૩/૦૬/૨૦૧૧ના ઓરલ જજમેન્ટમાં અરજદારને મુદ્દલ રકમ ચૂકવવામાં થયેલ વિલંબ બાબતે વ્યાજ ચૂકવવા આદેશ કરેલ છે. આમ, પેન્શન/પેન્શનરી બેનીફીટસ નિવૃત્તિ મળવાપાત્ર રજા પગારના લાભ સાથે મેળવવામાં થયેલ વિલંબ/નિયત સમય કરતાં મોડા મળવાથી તે ઉપર વ્યાજ ચૂકવવાના કેસો/ન્યાયિક પ્રશ્ન ઉભા થાય છે તથા રાજય સરકાર પર નિવારી શકાય તેવા નાણાકીય ભારણ પડે છે.

૪. નિવૃત્તિ વખતે મળવાપાત્ર રજા પગાર સબંધમાં નિવૃત્ત થનાર કર્મચારી/અધિકારી ખાતે જમા રજાઓનો હિસાબ નિવૃત્તિ તારીખ પહેલાં અચુક તૈયાર કરવાનો રહેશે અને આ પ્રાપ્ત રજાઓના પગાર જે તે કર્મચારી/અધિકારીને સમયસર વહેલામાં વહેલી તકે મળી જાય તેની કાળજી સબંધકર્તા સત્તાધિકારીશ્રીએ અચૂક લેવાની રહેશે.

૫. ઉપર્યુકત તમામ વિગતો ધ્યાને રાખી સચિવાલયના સર્વે વિભાગો અને તેમના ખાતા/કચેરીના વડાઓના ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨ના નિયમ-૧૨૮માં દર્શાવેલ સમયપત્રક મુજબ પેન્શન કેસોને સમયસર લેવા તથા પેન્શનરોને મળવાપાત્ર લાભ (પેન્શન રીવીઝન, ફીકસેશન, એરીયર્સ વગેરે) ઝડપથી મળે તે માટે જરૂરી કાર્યવાહી સમયસર થાય તે માટે સબંધિતોને જરૂરી સૂચના આપવા પુન: જણાવવામાં આવે છે.

૬. દરેક વિભાગ તરફથી પોતાના તાબા હેઠળની કચેરીઓ દ્વારા પેન્શનના કેસોનું સમયસર તેમજ રાજ્ય સરકારના નિયમો અનુસાર નિકાલ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે તે અંગેની નિયમિત રીતે સમીક્ષા કરવાની રહેશે તેમજ તાબા હેઠળની કચેરીઓ તરફથી બીન જરૂરી વિલંબ અથવા ખોટા અર્થઘટનના કિસ્સાઓ ઉપર અંકુશ રાખવા માટે જરૂરી તકેદારી રાખવાની રહેશે.

૭. આમ છતાં, પેન્શનરોના પ્રશ્નોના નિકાલની પ્રક્રિયાના અમલમાં જો કોઇ ચૂક થાય તો તે બાબતે ગંભીરતા લઇ વિભાગ દ્વારા જે તે જવાબદાર કર્મચારી/અધિકારી સામે ખાતાકીય રાહે પગલાં લેવા અંગેની કાર્યવાહી સુધીના પગલા ભરવાની પણ સૂચનાઓ સબંધિત ખાતા/કચેરીઓને વિભાગ તરફથી આપવા અને પેન્શનરોના પ્રશ્નોનો ઝડપી નિકાલ કરવા તમામ વિભાગોને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલજા પટેલ)
નાયબ સચિવ (પેન્શન)
નાણા વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
માન. વિરોધપક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો/તમામ ખાતાના વડાઓ/તમામ કચેરીઓના વડાઓ
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ-૧, ૨), અમદાવાદ / રાજકોટ
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, વીમા અને લેખા ભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ, વીમા અને લેખા ભવન, ગાંધીનગર.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, વીમા અને લેખા ભવન, ગાંધીનગર.
સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓની કચેરી.
તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓની કચેરી.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર / વડોદરા / નાર્મદા
નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
તમામ બોર્ડ / કોર્પોરેશન / યુનિવર્સિટી / જાહેર સાહસો.
સર્વે માન્ય મંડળ (પંચાયત સેવાના એસોસીએશનો સહીત)
નાણા વિભાગની તમામ શાખાઓ (નાણા શાખાઓ સહિત)
✓ સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગની વેબ સાઇટ પર મૂકવા સારૂ.

---

- પત્ર દ્વારા